# બાર્નાબાસ - આશ્વાસન આપનારનો પુત્ર
## ફાધર વગીર્સ પૉલ

'પ્રેષિતોનાં ચરિતો'માં બાર્નાબાસનું વર્ણન કરવામાં આવ્યું છે કે, "એ પોતે સાધુપુરુષ હતો અને એના હૃદયમાં પવિત્ર આત્માનો અને શ્રદ્ધાનો વાસ હતો" (પ્રેષિતોનાં ચરિતો ૧૧, ૨૪). બાર્નાબાસનું મૂળ નામ યોસેફ હતું. 'પ્રેષિતોનાં ચરિતો'માં કહેવાયું છે તેમ તે "આમ, યોસેફ, જેનું ઉપનામ પ્રેષિતોએ બાર્નાબાસ(એટલે કે આશ્વાસન આપનાર) એવું પાડ્યું હતું અને જે સાયપ્રસમાં જન્મેલો પુરોહિત સહાયક હતો." (પ્રેષિતોનાં ચરિતો ૪,૩૬)

બાર્નાબાસની સ્વભાવગત ભલાઈ અને ઉદારતા આપણે એમની નિસ્વાર્થ સેવામાં જોઈ શકીએ છીએ. આદિ ખ્રિસ્તીઓની સેવામાં તેમણે પોતાનું સર્વસ્વ સોંપી દીધું હતું. પ્રેષિતોનાં ચરિતો વર્ણન કરે છે કે, બાર્નાબાસે "પોતાની માલિકીની જમીન વેચી નાખી અને જે પૈસા ઊપજ્યા તે લાવીને પ્રેષિતોને ચરણે ધરી દીધા." (પ્રેષિતોનાં ચરિતો ૪, ૩૭)

આ અદ્ભુત ઉદારતા આદિ ખ્રિસ્તીઓ માટે નમૂનારૂપ બની છે. એટલે પ્રેષિતોનાં ચરિતોએ તેની નોંધ આદિ ખ્રિસ્તીઓના સામાન્ય ફંડમાં તેનો ઉદાર ફાળો તરીકે કરી છે.

બાર્નાબાસનું વ્યક્તિત્વ જરૂર ભારે અસરકારક રહ્યું હશે. પાઉલ સાથેના મિશનરી પ્રવાસમાં લુસ્ત્રા ખાતે લોકોએ બાર્નાબાસને ઝયુસદેવ અને પાઉલને હેર્મસદેવ કહ્યા. જન્મથી અપંગ એક માણસને ચાલતો કરવાના પાઉલના ચમત્કારથી પ્રભાવિત થઈને લુકોનિયાના લોકોએ પાઉલ અને બાર્નાબાસ વિશે કહ્યું, "આપણે ત્યાં તો દેવો માનવરૂપે ઊતરી આવ્યા છે!" (પ્રેષિતોનાં ચરિતો ૧૪, ૧૧)

પાઉલ ખ્રિસ્તીઓનો સતામણીખોર તરીકે ઓળખાતો હોવાથી અન્ય શિષ્યો જ્યારે પાઉલથી ડરતા હતા ત્યારે બાર્નાબાસ જ હિંમતભેર પાઉલની પડખે રહ્યો હતો અને તેને શિષ્યો પાસે લઈ ગયો હતો. પ્રેષિતોનાં ચરિતોમાં આ ઘટના વિગતવાર વર્ણન પામી છે. "યરુશાલેમ પહોંચ્યા પછી તેણે શિષ્યોમાં ભળવાનો પ્રયત્ન કર્યો, પણ તેઓ બધા એનાથી ડરતા હતા, કારણ, તેમને વિશ્વાસ નહોતો બેસતો કે એ શિષ્ય થયો છે. છતાં બાર્નાબાસે એને સાથ આપ્યો અને પ્રેષિતો આગળ લઈ ગયો, અને શાઉલને પ્રવાસ દરમિયાન દર્શન દઈને પ્રભુએ કેવી રીતે એની સાથે વાતો કરી હતી, અને દમસ્કમાં એણે કેવો હિંમતભેર ઈસુને નામે ઉપદેશ કર્યો હતો, એ બધું તેમને કહી સંભળાવ્યું. ત્યાર પછી શાઉલ પ્રેષિતો સાથે યરુશાલેમમાં હરવાફરવા લાગ્યો અને પ્રભુને નામે હિંમતભેર ઉપદેશ કરતો રહ્યો." (પ્રેષિતોનાં ચરિતો ૯, ૨૬-૨૮)

બાર્નાબાસ અને શાઉલ અંત્યોખના ધર્મસંઘમાં વિશેષ પસંદગી પામેલ પયગંબરો તથા ઉપદેશકોમાં ગણાતા હતા. મિશનરી કાર્ય માટે તેઓ બીજાઓથી અલગ તારવેલા હતા. પ્રેષિતોનાં ચરિતો આપણને બાર્નાબાસ તથા પાઉલના ખાસ મિશન અંગે જણાવે છે. "અંત્યોખના ધર્મસંઘમાં કેટલાક પયગંબરો અને ઉપદેશકો હતા: બાર્નાબાસ, કાળિયાને નામે ઓળખાતો શિમયોન, કૂરેનેનો લૂકિયસ, રાજા હેરોદનો બાળમિત્ર મનાહેમ, અને શાઉલ. તેઓ પ્રભુની આરાધના અને ઉપવાસ કરતા હતા. એવામાં પવિત્ર આત્માએ કહ્યું, 'જે કામને માટે મેં બાર્નાબાસને અને શાઉલને બોલાવ્યા છે તેને માટે એમને અલગ કાઢી આપો.' પછી ઉપવાસ અને પ્રાર્થના કર્યા બાદ તેઓએ તેમને માથે હાથ મૂકીને તેમને રવાના કરી દીધા." (પ્રેષિતોનાં ચરિતો ૧૩, ૧-૩)

પછી પાછળથી ખ્રિસ્તીઓ સતામણીના માર્યા વેરવિખેર થઈ ગયા અને સાયપ્રસ તથા અંત્યોખ જેવા દૂરસુદુરના પ્રદેશોમાં પહોંચ્યા. વિખૂટા પડેલા ખ્રિસ્તીઓ જ્યાં પણ ગયા ત્યાં પોતાની શ્રદ્ધાનો પ્રસાર કરતા રહ્યા. શ્રદ્ધાળુઓનો એક ઊભરતો સમુદાય અંત્યોખમાં અસ્તિત્વમાં આવ્યો છે, એવી વાત જ્યારે યરુશાલેમમાં પહોંચી ત્યારે આદિ ધર્મસંઘના આગેવાનોએ અંત્યોખ મોકલાવા માટે બાર્નાબાસની પસંદગી કરી હતી.

પ્રેષિતોનાં ચરિતો કહે છે, "યરુશાલેમમાંના ધર્મસંઘને કાને આ સમાચાર આવતાં, તેમણે બાર્નાબાસને અંત્યોખ મોકલી આપ્યો. ત્યાં આવીને ઈશ્વરની કૃપાનાં ફળ જોઈને તેને ખૂબ આનંદ થયો." (પ્રેષિતોનાં ચરિતો ૧૧, ૨૨-૨૩). અહીં આપણને તેની ઉત્સાહી મિશનરી તરીકેની કાર્યપદ્ધતિનો ખ્યાલ મળે છે. ઈશ્વરના માણસ તરીકે લોકો વચ્ચે તે પવિત્ર આત્માના કાર્યને ઓળખી શક્યા. લોકોની શ્રદ્ધાની પ્રશંસા તેઓ કરી શક્યા અને શ્રદ્ધા જાળવવા તથા તેમાં વૃદ્ધિ પામવા તેઓ લોકોને પ્રેરણા આપી શક્યા.

બાર્નાબાસ કદાચ પાઉલ સાથેના તેના મિશનરી પ્રવાસ માટે અને પછી તેમની વચ્ચે થયેલા તકરારને કારણે અલગ-અલગ માર્ગે જવા માટે વધારે જાણીતો છે. પ્રેષિતોનાં ચરિતોના ૧૩ અને ૧૪મા અધ્યાયોમાં આ આખી ઘટનાનું વિગતવાર વર્ણન કરવામાં આવ્યું છે. પાઉલ અને બાર્નાબાસ ખૂબ સારા મિશનરી મિત્રો હતા અને અંત્યોખ, લુકોનિયા, લુસ્ત્રા તથા દેર્બે જેવા સ્થળોએ તેમણે ઈસુ અંગે હિંમતભેર પ્રચાર કર્યો હતો.

ઇકોનિયોમાં પાઉલ અને બાર્નાબાસ "યહૂદીઓના સભાગૃહમાં ગયા અને એવી રીતે બોલ્યા કે યહૂદીઓ અને બિનયહૂદીઓનો મોટો સમુદાય ઈસુ ઉપર શ્રદ્ધા ધરાવતો થયો." (પ્રેષિતોનાં ચરિતો ૧૪, ૧)

દેબેર્માં પણ એવું જ થયું. "પાઉલ અને બાર્નાબાસે દેબેર્માં શુભસંદેશનો પ્રચાર કર્યો અને ઘણા શિષ્યો બનાવ્યા." (પ્રેષિતોનાં ચરિતો ૧૪, ૨૧)

નવાઈ પમાડે એવી વાત એ છે કે બાર્નાબાસ અને પાઉલ જેવા મહાન મિશનરીઓ પોતાના સફળ મિશન દરમિયાન મતભેદથી અલગ પડી ગયા હતા. પણ હકીકત એ છે કે તેઓની વચ્ચેનો તકરાર માટે ત્રીજી વ્યક્તિ કારણભૂત હતી. વિવિધ સ્થળોએ શિષ્યોની પુનઃમુલાકાતની પાઉલની ઈચ્છા હતી અને બાર્નાબાસ પાઉલ સાથે પૂર્ણ સંમત હતો. પણ બાર્નાબાસ પોતાના ભત્રીજા માર્કને તેમની સાથે લેવા માગતો હતો. માર્ક એમને એક મિશનરી પ્રવાસમાં અધવચ્ચે છોડી ગયો હતો. તેથી પાઉલ માર્કને લેવાની વિરુદ્ધમાં હતા. એ બાબતમાં મતભેદ એટલો બધો તીવ હતો કે બાર્નાબાસ અને પાઉલ બંને અલગ-અલગ રસ્તે વળી ગયા અને છૂટા પડયાઃ "તેમની વચ્ચે મતભેદ એટલો તીવ થયો હતો કે તેઓ છૂટા પડી ગયા. બાર્નાબાસ માર્કને સાથે લઈને વહાણને રસ્તે સાયપ્રસ ચાલ્યો ગયા, અને પાઉલે સિલાસને પસંદ કર્યો." (પ્રેષિતોનાં ચરિતો ૧૫, ૩૯-૪૦)

જો કે, એ જાણીને રાહત થાય છે કે પાછળથી પાઉલ અને બાર્નાબાસ વચ્ચે સુલેહ થઈ હતી અને તેઓ સહ-કાર્યકર તરીકે કામ કરવા લાગ્યા. (૧ કરિંથ ૯, ૬; કલોસ્સા ૪, ૧૦)

પ્રારંભિક ધર્મસભામાં પ્રથમ ખ્રિસ્તીઓમાં સૌથી વધારે માનનીય આગેવાનો પૈકીમાં બાર્નાબાસ ગણાય છે.